# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 30-03-2025        Day:  SUNDAY        MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર આરતી આરતી ભટ્ટ  વાંચે છે.

---

## મન કી બાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે  આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.**

**આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ એપ પર આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.**

**આ ઉપરાંત આકાશવાણી સમાચાર, ડીડી ન્યૂઝ, PMO, માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલો પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.**

**આજે સાંજે ૭.૦૦ વાગે મન કી બાત કાર્યકમ નો કચ્છી ભાષા માં વિશેષ પ્રસારણ સાંભળી શકશો.**

----------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ  :

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, નવીનીકરણીય ઉર્જા અને હરિત-હાઈડ્રોજન નીતિઓ રાજ્યની ગ્રીન ફ્યુચર માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નવસારીના દેગામ ખાતે સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે જણાવ્યું, રાજ્યની નવીનીકરણીય ઉર્જા ક્ષમતા દેશની કુલ નવીનીકરણીય ઉર્જા ક્ષમતાના 15 ટકા એટલે કે 32 હજાર 924 મેગાવોટ થઈ છે**

----------------------------------------------------------------------------------------

## જીલ્લામાં - તલાવડી જીઓમેમ્બ્રેન

પાણીની અછતવાળા વિસ્તારોમાં ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન સરકારી ખર્ચે બેસાડી આપવાની યોજનામાં કચ્છ સહિત રાજ્યના 10 જિલ્લાને સમાવાયા છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂત ખાતેદારોએ સ્વખર્ચે ખેત તલાવડી બનાવવાની રહેશે અને આ માટે વેબસાઇટ g-talavadi.gujarat.gov.in પર તા.01-04થી તા.20-04 સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. ત્યારબાદ તાલુકાવાર આવેલી અરજીઓની સંખ્યાની મર્યાદા માટે ઓનલાઇન ડ્રો કરવામાં આવશે.

---

## ડી પી એ કાર્ગો હેન્ડલિંગ

કંડલા બંદર ખાતે દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ એક જ દિવસ માં 68 હજાર મેટ્રિક ટન કોલસા ઉતારીને ડી.પી.એ ની કાર્ગો હેન્ડલીંગમાં નોધપાત્ર સિદ્ધી મેળવી છે.આ બંદર ભારતના દરિયાઈ વેપાર અને લોજીસ્ટીક ક્ષેત્રેને વેગ આપવા મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

---

## ચેટી ચાંદ ,ચૈત્રી નવરાત્રીની ઉજવણી :

આજે સિંધી સમાજ એના નૂતન વર્ષ ચેટીચાંદ ની તો મહારાષ્ટ્ર નાં લોકો ગુડી પડવા ની ઉજવણી કરે છે સિંધીઓની વધુ વસ્તી ધરાવતા ગાંધીધામ આદિપુર માં આજે ઝુલેલાલ જી ની શોભાયાત્રા કાઢવા માં આવે છે આજે લોહાણા સમાજ એમના ઇષ્ટ દેવ દરિયાલાલ જી ની જન્મ જયંતી ની ઉજવણી કરે છે ભુજ અને અન્ય સ્થળોએ પૂજન જળયાત્રા શોભાયાત્રા સહિત નાં કાર્યક્રમો યોજાશે અંજાર માં જીર્ણોદ્ધાર પામેલા દરિયાલાલ મંદિર માં પ્રાણ પ્રતિષ્ઠા થશે

આજ થી ચૈત્રી નવરાત્રી પર્વનો પ્રારંભ થયો છે આશાપુરા માતાજી નાં સ્થાનક માતા નાં મઢ થી પૂર્વ માં રવેચી માતા નાં સ્થાનક સુધી ધાર્મિક ભક્તિ ભાવ નાં વાતાવરણ માં તેની ઉજવણી થઈ રહી છે

---

**<u>રમજાન માસ સમાપન:</u>**

પવિત્ર રમજાન માસ સમાપનને આરે છે ત્યારે બજારોમાં ઇદની ખરીદીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા મથક ભુજ સહિતના શહેરોમાં લોકો કપડાં, ગિફ્ટ આઇટમો, ક્રોકરી, સહિતની છેલ્લી ઘડીની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે.

દરમ્યાન, આજે ૨૯માં રોજાની સાંજે શવ્વાલ મહિનાનો ચાંદ દેખાવાની સાથે ભારતમાં આવતીકાલે ઇદ ઉલ ફિત્રની ઉજવણી થાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, સાઉદી અરેબિયામાં ગઇકાલે શનિવારે ઈદનો ચાંદ જોવા મળ્યો હતો અને આજે રવિવારે સાઉદીમાં ઇદ ઉજવવામાં આવશે.

---------------------------------------------------------------------------------

**<u>ક્રિકેટ:</u>**

ગુજરાત ટાઇટન્સ ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ને 36 રને હરાવી પ્રવર્તમાન આઇ પી એલ ની મેચ  માં પ્રથમ  જીત મેળવી છે અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર ની મેચ માં  ગુજરાત ટાઇટન્સ ટીમે 8 વિકેટ નાં ભોગે 196 રન કર્યા હતા જેમાં  સાઈ સુદર્શ ને સૌથી વધુ 63 રન કર્યા હતા જવાબ માં મુંબઇ ઇન્ડિયન્સ ટીમ 6 વિકેટ ગુમાવી 160 રન  કરી શકી હતી

---------------------------------------------------------------------------------

**<u>હવામાન :</u>**

જિલ્લામાં ચૈત્ર માસના પ્રારંભ પૂર્વ વાતાવરણમાં વિષમતા વધી છે વહેલી સવારે અને સાંજ પછી ગુલાબી ઠંડી અનુભવાય છે તો બપોરે વિશેષ ગરમી અનુભવાય છે હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદની આગાહી કરી છે જેમાં કચ્છ જિલ્લાનો સમાવેશ કરાયો નથી.

---------------------------------------------------------------------------------